सत्यमेव जयते

**પલસાણાના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (વી.પી.આચાર્ય) સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:– | ૦૭.૦૩.૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ ક્રમાંક:– | ૧૯૬૧/૨૦૨૨ |
| આંક:– | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:– | ૦૦૦૫/૨૦૨૨ પલસાણા પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:– | શ્રી સરકાર (રાજય) |
| ફરિયાદપક્ષે:– | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી બી.એન.પંડ્યા |
| આરોપી:– | નામ:– (૧)શૈલેષકુમાર કાનજીભાઇ વણકર<br>ઉંમર:– ૩૮ ધંધો:– વેપાર<br>સરનામું:– ઘર નં.–૪૭,જીવનદીપ સોસાયટી, ગંગાધરા, તા.પલસાણા, જી.સુરત<br>મુળ રહે–તાતથૈયા ગામ દરબાર ફળિયું, તા.પલસાણા,જી.સુરત<br>(૨) જીગ્નેશકુમાર યુવરાજભાઇ પવાર<br>ઉંમર:– ૨૭ ધંધો:– નોકરી<br>સરનામું:– ઘર નં.૨૯૮ ,વિજયાનગર–૧ B/H હરીનગર–૨,ઉધના .જી.સુરત. |
| બચાવપક્ષે:– | આરોપી નં.૧ તરફે વિદ્ધાન વકીલશ્રી સી.બી. દેસાઇ<br>આરોપી નં.૨ તરફે વિદ્ધાન વકીલશ્રી એસ.આર.શાહ |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૦૩.૦૧.૨૦૨૨ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૦૩.૦૧.૨૦૨૨ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૧૦.૦૫.૨૦૨૨ |
| તહોમતનામું ઘડયાની તારીખ:– | ૧૨.૦૧.૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૦૭.૦૭.૨૦૨૩ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૦૭.૦૩.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૦૭.૦૩.૨૦૨૬ |
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. |

**–:: આરોપીની વિગત ::–**

| આરો | આરોપીનું | ધરપકડ | જામીન | તહોમત | શું | કરવામાં | સુનાવણી |
|---|---|---|---|---|---|---|---|

| પીનો અનુ ક્રમ નંબર | નામ | ની તારીખ | મુકત કર્યાની તારીખ | | નિર્દોષ છોડ્યા/ સજા કરી | આવેલ સજા | દરમ્યાન અટકાયત નો સમયગાળ ો ફો.કા. સંહિતાની કલમ– ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શૈલેષકુમાર કાનજીભાઇ વણકર | ૦૩.૦૨.૨૦૨૨ | ૦૩.૦૨.૨૦૨૨ | રાસાણિક ખાતર નિયંત્રણ હુકમ–૧૯૮૫ નાં ખંડ–૨૫(૧) તથા આવશ્યક ચીજવસ્તુ ધારા–૧૯૫૫ ની કલમ–૩ તથા ૭(૧)(એ)(૨) મુજબ | નિર્દોષ | – | – |
| ૨. | જીગ્નેશકુમાર યુવરાજભાઇ પવાર | ૦૩.૦૨.૨૦૨૨ | ૦૩.૦૨.૨૦૨૨ | | નિર્દોષ | – | – |

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>

<u>અ. ફરિયાદપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૧ | સંજયભાઇ કાંતીભાઇ સોલંકી | ફરીયાદી | ૧૭ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૨ | વિરેન્દ્રસીંગ રામદુલાલસીંગ રાજપુત | પંચ | ૪૩ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૩ | નિતીનભાઇ ગમનભાઇ ગામિત | સાહેદ | ૫૧ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૪ | રવીન્દ્રભાઇ ભગુભાઇ પટેલ | સાહેદ | ૫૨ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૫ | વિશાલકુમાર રમેશભાઇ પટેલ | સાહેદ | ૫૯ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૬ | શીતલભાઇ નટવરભાઇ પ્રજાપતિ | ત.ક.અ. | ૭૨ |

બ. બચાવપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

ક. અદાલત દ્વારા

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્વારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી

અ. ફરિયાદી

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૮ | ફરીયાદ |
| ૨. | ૧૯ થી ૩૧ | કામગીરીના ભાગરૂપ કાગળો |
| ૩. | ૪૪,૪૫ | પંચનામું |

બ. બચાવ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | - |

ક. ન્યાયાલય

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | - |

ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૫૪ બેગ | નીમ કોટેડ યુરીયાના છાપવાળી બેગ |

## -:ચુકાદો:-

**ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:-**

**(૧)** હાલના કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદમાં જણાવ્યા પ્રમાણેનું રાસાયણિક ખાતર કે જે ફકત ખેતીના ઉપયોગ માટેનું IFFCO કંપનીનું રાસાયણિક ખાતરનો જથ્થો આ કામના આરોપી નં.(૧)શૈલેષકુમાર કાનજીભાઇ વણકરનાઓએ પોતાની મિલમાં વપરાશ માટે જરૂરીયાત હોવાથી ઈરાદાપુર્વક આ કામના આરોપી નં.(૨)જીગ્નેશકુમાર યુવરાજભાઇ પવારનાઓને ઓર્ડર આપી મંગાવતા આરોપી નં.(૨) નાઓએ પોતાના આર્થિક ફાયદા માટે ખેતીકામના બદલે ઔધોગિક એકમમાં ગેરકાયદેસર વપરાશ માટે મોકલી રાસાણિક ખાતર નિયંત્રણ હુકમ-૧૯૮૫ નાં ખંડ-૨૫(૧) તથા આવશ્યક ચીજવસ્તુ ધારા-

૧૯૫૫ ની કલમ–૩ તથા ૭(૧)(એ)(૨) મુજબનો ગુનો કરેલાનો આરોપીઓ વિરુદ્ધ આક્ષેપ છે.

ઉક્ત આક્ષેપ અનુસંધાને સંબંધિત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી આરોપીઓની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખતા આરોપીઓ વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીને જરૂરી નકલો પૂરી પાડી આરોપીઓનો ગુના સંબંધે જવાબ આંક–૦૭ તથા આંક–૦૮ થી નોંધતા આરોપીઓએ સબબ ગુનાનો ઈનકાર કરેલ છે, ત્યારબાદ ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ.

<u>**ફરિયાદપક્ષનો પુરાવોઃ–**</u>

**(૨)** ફરિયાદપક્ષે શાહેદ નં.૧ **ફરિયાદી સંજયભાઇ કાંતીભાઇ સોલંકીને** આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ મદદનીશ ખેતી નિયામક તરીકે તાપી જિલ્લામાં ફરજ બજાવતા હતા. સને–૨૦૨૨ માં ખેતી અધિકારી તરીકે પલસાણા ફરજ બજાવતા હતા. તા. ૦૩/૦૧/૨૦૨૨ ના રોજ બાતમી આધારે તેમની ટીમ જેમા તેઓ તથા એન.જી. ગામિત નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), આર.બી.પટેલ મદદનીશ ખેતી નિયામક ( ગુ.નિ.સુરત), આર.ટી.બદલાણીયા ખેતી અધિકારી ઓલપાડ ધ્વારા ગુજરાત ઇકો ટેક્ષ ટાઇલ પાર્ક બી ૨૫, જે.બી. સીન્ટેક્ષ પ્રા.લી અને કયુબેટીકસ પ્રા.લી. નામથી ફેકટરીમાં તપાસ કરતાં તેમના સ્ટોરેજ ગોડાઉનમાં ઇફકો કંપની ધ્વારા ઉત્પાદીત નીમ કોટેડ યુરિયાની કુલ ૫૪ બેગો જે દરેક ૪૫ કિ.ગ્રા.ની, કંપની પેકીંગ સીલબંધ હાલતમાં મળી આવેલ. આ બાબતે ફેકટરામાં હાજર શૈલેષભાઇ કાનજીભાઇ વણકરને પુછતા તેમણે જણાવેલ કે, તેઓ તે ફેકટરીમાં એક વર્ષથી મેનેજર તરીકે નોકરી કરે છે અને તે નીમકોટેડ યુરીયાનો કલરકામમાં ઉપયોગ કરે છે. આ ખાતરના તેમણે કોઇ બીલ રજુ કરેલ નહિ. કંપનીની માલિકનું નામ પણ જણાવેલ નહી.ત્યારબાદ રાસાણિક ખાતર નિયંત્રણ ૧૯૮૫ ના ભાગ ૨ ના સીડયુલ ૧ મુજબ કોટેડ યુરીયાના અલગ અલગ ૫ બેચના જથ્થામાંથી દરેક બેચના ૩ નમુના લઇ શીલ મારી તેમાંથી એક નમુનો લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે બીજો નમુનો નિયત્રણ કચેરી માટે અને ત્રીજો નમુનો ફેકટરીમાં હાજર શૈલેષભાઇને આપેલ.આ અંગે તેમણે તા. ૦૩/૦૧/૨૦૨૨ ના રોજ પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. ત્યારબાદ લેબોરેટરીમાંથી તા. ૧૭/૦૧/૨૦૨૨ ના રોજ નમુના મળ્યાની પહોચ તથા રીજલ્ટ મળતા તેમાં યુરીયા ખાતર નીમ કોટેડ હોવાનું જણાય આવેલ. તેમને આંક–૧૮ થી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેઓને આંક–૧૯ થી રજૂ રોજકામ, આંક–૨૦ થી રજૂ નોટીસ,આંક–૨૧ થી રજૂ ખાતરનો

જથ્થો સીઝ કર્યા,આંક–૨૨ થી રજૂ ખાતરના જથ્થાની કસ્ટડી, આંક–૨૩ થી રજૂ જથ્થામાંથી લીધેલ નમુના ફોર્મ,આંક–૨૪ થી રજૂ નમુના ફોર્મ ,આંક–૨૫ થી રજૂ ચકાસણી પ્રયોગશાળા બારડોલીને લખેલ પત્ર ,આંક–૨૬ થી રજૂ નમુના ફોર્મ , આંક–૨૭ થી રજૂ નાયબ ખેતી (વિસ્તરણ) સુરતને લખેલ પત્ર, આંક–૨૮ થી રજૂ કલેકટર જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, આંક–૨૯ થી રજૂ ખાતરના નમુના મળ્યાની રસીદ,આંક–૩૦ થી રજૂ પ્રયોગશાળા બારડોલી તરફથી મળેલ પત્ર , આંક–૩૧ થી રજૂ પલસાણા ખેતી અધિકારીને હવાલો સોપ્યો, આંક–૩૨ થી રજૂ ડેપ્યુટી ડાયરેકટર રીજયુનલ ફર્ટીલાઇઝર કંટ્રોલ લેબોરેટરી, નવી મુંબઇના સહી કરેલ કાગળ, આંક–૩૩ થી રજૂ સચિવાલય ગાંધીનગરનાઓના નોટીફીકેશન જેમાં તેઓની તથા સાથી કર્મચારીની સહી ઓળખી બતાવે છે.આમ, આરોપીઓએ રાસાણિક ખાતર નિયંત્રણ હુકમ–૧૯૮૫ નાં ખંડ–૨૫(૧) તથા આવશ્યક ચીજવસ્તુ ધારા–૧૯૫૫ ની કલમ–૩ તથા ૭(૧)(એ)(૨) મુજબનો ગુનો કરેલ છે, તેઓ આરોપીઓને જોયેથી ઓળખી શકે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેમણે તેમની ફરીયાદમાં જે.બી.સીન્ટેક્ષ પ્રા.લી. તથા કયુબેટીકસ પ્રોસેસર પ્રા.લી. નામની કંપનીનો ઉલ્લેખ કરેલ છે જેથી આ કંપની છે. આરોપીઓ જે.બી.સીન્ટેક્ષ પ્રા.લી. તથા કયુબેટીકસ પ્રોસેસર પ્રા.લી. નામની કંપનીમાં રોજબરોજનો વહીવટ કરતાં હોય તેવું લખાવેલ નથી. શૈલષભાઇ કાનજીભાઇ વણકર જે.બી.સીન્ટેક્ષ પ્રા.લી. તથા કયુબેટીકસ પ્રોસેસર પ્રા.લી. કંપનીનો રોજબરોજનો વહીવટ સંચાલન કરતાં હોય તેવું લખાવેલ નથી. ફરીયાદ આપતાં તેમણે કોઇ કંટ્રોલ ઓર્ડર રજુ કરેલ નથી.સરતપાસમાં દસ્તાવેજો રજુ કરતી વખતે ખાતર નિયંત્રણ હુકમનો કંટ્રોલ ઓર્ડર રજુ કરેલ નથી. ખાતર નિયંત્રણ હેઠળ નમુના લેવાની બે પદ્ઘતીઓ છે. ફરીયાદ કે સરતપાસમાં રોજકામમાં નમુનાઓ કઇ પદ્ધતીથી લેવામાં આવેલ તેનો કોઇ ઉલ્લેખ નથી. ખાતર કેટલી ગુણમાંથી લીધેલ તેનો કોઇ ઉલ્લેખ નથી. ફોર્મ-જે,પી અને કે માં નમુનાનું વજન દર્શાવેલ નથી. ફર્ટીલાઇઝર કંટ્રોલ ઓર્ડર હેઠળ જે કોઇ કાર્યવાહી જેવી કે, સર્ચ, સેમ્પલ લેવાની સેમ્પલ મોકલવાની કાર્યવાહી એ મેન્ડેટરી પ્રોવીજન છે. ખાતરના સેમ્પલમાં બાહ્ય વાતાવરણમાં ભેજ હોય તો ખાતર બગડી શકે અને તેના ગુણધર્મમાં ફેરફાર થાય. કલેકટર કચેરીમાં રિપોટ મોકલેલ તેમાં સમય દર્શાવેલ નથી. રીપોટ મળ્યાની પહોચ કલેકટર કચેરી તરફથી મળેલ નથી. કલેકટર કચેરીમાં રીપોટ ૨૪ કલાકની અંદર મોકલવાનો હોય છે.કલેકટક કચેરીમાં જે રીપોટ મોકલેલ તે રીપોટ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતી વખતે રજુ કરેલ નથી.કાર્યવાહીનું કોઇ પંચનામુ કરેલ નથી. કાર્યવાહી દરમ્યાન કોઇ ત્રાહિત વ્યકિતને હાજર

રાખેલ નથી. ખાતરનો જથ્થો કલેકટર કચેરી દ્વારા સીઝ કરેલ હોય અથવા તેની તાબાની કચેરીએ ખાતરનો જથ્થો સીઝ કરી કલેકટર કચેરીનો સીલ મારેલ હોય તે અંગેની જાણ તેઓએ તેમની વડી કચેરીને લેખિતમાં કરેલ નથી. પુથ્થકરણ રીપોટ મળ્યા બાદ વડી કચેરીએ કે આરોપીઓને લેખિતમાં કોઇ જાણ કરેલ નહી.ફરીયાદ કે રોજકામમાં પણ નમુનાનું વજન દર્શાવેલ નથી.એનાલીસીસ રીપોટમાં નમુના લીધેલ તે વ્યકિતીનું નામ કે હોદો લખેલ નથી.પૃથ્થકરણ રીપોટમાં મોકલનાર વ્યકિતીનું નામ કે સીલ નથી. પૃથ્થકરણ રીપોટમાં સેમ્પલ કેવી રીતે મળેલ અને કોના સીલ સાથે મળેલ તેનો ઉલ્લેખ નથી. પૃથ્થકરણ રીપોટ મળ્યા બાદ તેમની કચેરીએ લેબોરેટરીને સાયન્ટીફીક ડેટા માટે કોઇ પત્રવ્યવહાર કરેલ નથી. તેઓએ પૃથ્થકરણ રીપોટ મળ્યા બાદ સીલની સ્થિતિની વિગત બાબતે પ્રયોગશાળા સાથે કોઇ પત્રવ્યવહાર કરેલ નથી.પૃથ્થકરણ રીપોટ સ્પેસીમેન્ટ સીલ સાથે નમુનાની સીલ ચકાસણી કરેલ હોય તે બરાબર હોય તેવો કોઇ ઉલ્લેખ પૃથ્થકરણ રીપોટમાં નથી. થ્થકરણ રીપોટ સ્પેસીમેન્ટ સીલ સાથે નમુનાની સીલ ચકાસણી કરેલ હોય તે બરાબર હોય તેવો કોઇ લેબોરેટરી સાથે પત્રવ્યવહાર કરેલ નથી. પૃથ્થકરણ રીપોટ તેમને સીધો લેબોરેટરી દ્વારા મળેલ નથી.પૃથ્થરણ રીપોટમાં કેમીકલ એનાલીસીસનું નામ જણાવેલ નથી. સદર નમુના તેઓ લેબોરેટરીને રૂબરૂ આપવા ગયેલા. નમુનો લેબોરેટરીમાં મળી ગયેલ તેની પહોચ લેબોરેટરી દ્વારા આપવામાં આવેલ. તે દસ્તાવેજો તેમણે તેમની સરતપાસમાં રજુ કરેલ નથી. તેમને પૃથ્થકરણ રીપોટ બતાવવામાં આવે છે તે જોઇ કહે છે કે તેમાં સી નં. ૬ માં ડેટ ઓફ એનાલીસીસ ઓફ સેમ્પલની તા.૧૦/૦૧/૨૦૨૨ થી ૧૭/૦૧/૨૦૨૨ લખેલ છે.પૃથ્થકરણ રીપોટ પરથી એનાલીસીસ કંઇ તારીખે કરવામાં આવેલ તે ચોકકસ કહી શકાય નહી.નમુના લેવાની કાર્યવાહી ફર્ટીલાઇઝર કંટ્રોલ ઓર્ડરના સિડયુલ ૨૮(એ) તથા ૨૯ માં જણાવ્યા અનુસાર કરવાની હોય છે.જો તેમ ન કરવામાં આવે તો બાહય વાતાવરણની અસર પડવાથી નમુનાના પરિણામમાં તફાવત આવી શકે છે.સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, આવો કોઇ નમુનો કંપનીમાંથી લીધેલ નથી તથા આવો કોઇ મુદામાલ કંપનીમાંથી રીકવર કરેલ નથી.

વધુમાં સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, આરોપી નં.૨ વિરુધ તેઓએ કોઇ પોલીસ ફરીયાદ આપેલ નથી. આરોપી નં.૨ સ્થળ પર હાજર મળેલ નહી તેથી તેઓ તેને જોયેથી ઓળખી શકે નહી. આરોપી વિરુધ કાર્યવાહી કરવાની હોય તો તેને સૌપ્રથમ નોટીસ આપવા પડે.આ કામે નોટીસ કંપનીના નામે આપેલ છે. ફર્ટીલાઇઝર કંટ્રોલ ઓર્ડર મુજબ આરોપીને ખુલાસા અંગેની દિન-૧૦ ની નોટીસ આપવી પડે.ફરીયાદ તેમણે તા.૦૩/૦૧/૨૦૨૨ ના રોજ આપેલી. ફર્ટીલાઇઝર કંટ્રોલ ઓર્ડર મુજબ જે ખાતરની

તપાસ કરવાની હોય તેનો નમુનો ખાતરમાં રહેલ તત્વોની ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવાનો હોય છે. લેબોરેટરીના રીપોટ પરથી તે ખાતર ગુનાહીત ધારાધોરણમાં આવે છે કે કેમ તેની જાણ થાય, અને જો ગુનાહીત ધારાધોરણમાં આવે તો તેની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરવાની હોય છે. સાહેદ સ્વેછાએ જણાવે છે કે, ખાતરની બેગ પર નીમકોટેડ ખાતર છે અને સરકારી સબસીડીપાત્ર ખેત વપરાશ માટેનું ખાતર છે તેથી હાલની ફરીયાદ કરેલ છે.તપાસણી કરતાં પહેલા તેમણે વડી કચેરીની મંજુરી લીધેલ નથી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે આવી કોઇ મંજુરી લેવી જરૂરી નથી.સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, જીગ્નેશભાઇ યુવરાજભાઇ પવાર જે.બી.સીન્ટેક્ષ પ્રા.લી. તથા કયુબેટીકસ પ્રોસેસર પ્રા.લી. નામની કંપનીમાં રોજબરોજનો વહીવટ કરતાં હોય તેવું સરતપાસમાં લખાવેલ નથી. આવો કોઇ વહીવટ તેમણે જીગ્નેશભાઇ યુવરાજભાઇ પવાર પાસેથી લીધેલ નથી.  આવો કોઇ મુદામાલ જીગ્નેશભાઇ યુવરાજભાઇ પવાર પાસેથી રીકવર કરેલ નથી.

(૩) ફરિયાદપક્ષે શાહેદ નં.ર **પંચ–વિરેન્દ્રસીંગ રામદુલાલસીંગ રાજપુતને** આંક–૪૩ થી તપાસવામાં આવેલ છે.  તેઓ સને–ર૦રર માં જે.વી.સીન્થેટીકસ કંપનીમાં કામ  કરતા હતા ત્યારે તેમના શેઠના ભત્રીજાના કહેવાથી તેમણે એક પંચનામાં સહી કરેલી. તે પંચનામુ શેનું હતું તેની તેમને ખબર નથી.આંક–૪૪ થી રજુ પંચનામામાં  પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામના પંચ શાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થના આપતા ન હોય એપીપીશ્રી દ્વારા શાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની મૌખીક વિનંતી કરતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં કોઇ ફળદાયી હકીકત બહાર આવેલ નથી.

(૪) ફરિયાદપક્ષે શાહેદ નં.૩  **નિતીનભાઇ ગમનભાઇ ગામિતને** આંક–પ૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ બી–ર૦૪, વામા એપેક્ષ, અલથાણ, સુરત મુકામે રહે છે અને નાયબ ખેતી નિયામક તરીકે ખેડુત તાલીમ કેન્દ્ર, બારડોલી ખાતે ફરજ બજાવે છે.સને–એકટોબર ર૦૧૭ થી માર્ચ–ર૦રર સુધીમાં તેઓ નાયબ વિસ્તરણ , સુરત તરીકે તેમની ફરજ બજાવતા હતા  તે દરમ્યાન તા. ૦૩/૦૧/ર૦રર  ના  રોજ જેબી સીન્ટેક્ષ અને કયુબેટીકસ પ્રોસેર્સસ પ્રા.લી. નામની કંપની કે જે બી/રપ ગુજરાત ઇકો ટેકક્ષટાઇલ પાર્ક, પલસાણા, ને.હા. ૪૮ ની બાજુમાં આવેલ છે. ત્યાં તેઓ તથા મદદનીશ રવિન્દ્ર ભગુભાઇ પટેલ, ખેતી અધિકારી, પલસાણા શ્રી સંજય સોલંકી, ખેતી અધિકારી કામરેજ રવિરાજ ટી. બલદાનીયા, ખેતી અધિકારી ઓલપાડ વી.આર

કોરાટ સાથે મુલાકાત લેતાં ખેતી વપરાશની ઇફકો અલગ અલગ બેચની ૪૫ કી.ગ્રા.ની સીલબંધ ૫૪ બેગો યુરિયાની મળી આવેલ હતી. જેના ખેતી અધિકારી શ્રી એસ.કે. સોંલકી ધ્વારા બેચ વાઇઝ ૫ નમુના કંપનીના મેનેજર શૈલેષભાઇ વણકરની હાજરીમાં લેવામાં આવેલા. જે રાજય સરકારની ફર્ટીલાઇઝર કંપની બારડોલી ખાતે પરીક્ષણ માટે મોકલી આપવામાં આવેલ. બાકીનો જથ્થો સીઝ કરી શૈલેષભાઇને કસ્ટડી સોપવામાં આવેલ. તેઓ આંક–૧૯ વાળા રોજકામમાં તેમની અધિકારી નં.–૧ તરીકે સહી ઓળખી બતાવે છે.ત્યારબાદ ખેતી અધિકારી એસ.કે.સોંલકી ધ્વારા પલસાણા પો.સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવેલી.જેમાં પોલીસે તેમના નિવેદન લીધેલા.

સદર શાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ફેકટરી આવેલી છે. પંચનામાં માં આજુબાજુની ફેકટરીમાં કામ કરતાં કોઇ સાહેદોની સહી કરવામાં આવેલ નથી. નમુના લેતી વખતે તેઓ બીજું કામ કરતાં હતા. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, રાસાયણિક ખાતર પકડાયેલ જ નથી.

વધુમાં શાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે,આરોપી નં.૨ જીગ્નેશભાઇ યુવરાજભાઇ પવારને સમ્રગ બનાવના કામે જોયેલ નથી કે તેમનું નામ સાંભળેલ નથી. સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ફેકટરી આવેલી છે. પંચનામાં માં આજુબાજુની ફેકટરીમાં કામ કરતાં કોઇ સાહેદોની સહી કરવામાં આવેલ નથી. નમુના લેતી વખતે તેઓ બીજું કામ કરતાં હતા. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, રાસાયણિક ખાતર પકડાયેલ જ નથી.

**(૫)** ફરિયાદપક્ષે **શાહેદ નં.૪ રવીન્દ્રભાઇ ભગુભાઇ પટેલઓને** આંક–૫૨ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ એ–૩૬, શાંતીવન રેસાડન્સી, ભેસ્તાન,સુરત ખાતે રહે છે, અને મદદનીશ ખેતી નિયામક (ગુણવતા નિયામક), સુરત ખાતે ફરજ બજાવે છે. સને નવેમ્બર – ૨૦૨૧ થી તેઓ મદદનીશ ખેતી નિયામક (ગુણવતા નિયામક), સુરત તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા. ૦૩/૦૧/૨૦૨૨ ના રોજ જેબી સીન્ટેક્ષ અને કયુબેટીકસ પ્રોસેર્સસ પ્રા.લી. નામની કંપની કે જે બી/૨૫ ગુજરાત ઇકો ટેકક્ષટાઇલ પાર્ક, પલસાણા, ને.હા. ૪૮ ની બાજુમાં આવેલ છે. ત્યાં તેઓ તથા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) એન.જે.ગામિત, ખેતી અધિકારી, પલસાણા શ્રી સંજય સોલંકી, ખેતી અધિકારી કામરેજ રવિરાજ ટી. બલદાનીયા, ખેતી અધિકારી ઓલપાડ વી.આર કોરાટ સાથે મુલાકાત લેતાં ખેતી વપરાશની ઇફકો અલગ અલગ બેચની ૪૫ કી.ગ્રા.ની સીલબંધ ૫૪ બેગો યુરિયાની મળી આવેલ હતી. જેના ખેતી અધિકારી

શ્રી એસ.કે. સોંલકી ધ્વારા બેચ વાઈઝ પ નમુના કંપનીના મેનેજર શૈલેષભાઈ વણકરની હાજરીમાં લેવામાં આવેલા. જે રાજય સરકારની ફર્ટીલાઈઝર કંપની બારડોલી ખાતે પરીક્ષણ માટે મોકલી આપવામાં આવેલ. બાકીનો જથ્થો સીઝ કરી શૈલેષભાઈને કસ્ટડી સોપવામાં આવેલ. તેઓ આંક–૧૯ વાળા રોજકામમાં તેમની અધિકારી નં.–૨ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.ત્યારબાદ ખેતી અધિકારી એસ.કે.સોંલકી ધ્વારા પલસાણા પો.સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવેલી.તેઓ આરોપી શૈલેષભાઈ વણકરને ઓળખે છે

સદર શાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ફેકટરી આવેલી છે. પંચનામાં માં આજુબાજુની ફેકટરીમાં કામ કરતાં કોઈ સાહેદોની સહી કરવામાં આવેલ નથી. નમુના લેતી વખતે તેઓ બીજું કામ કરતાં હતા. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે કે, રાસાયણિક ખાતર પકડાયેલ જ નથી.

વધુમાં શાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે,આરોપી નં.૨ જીગ્નેશભાઈ યુવરાજભાઈ પવારને સમ્રગ બનાવના કામે જોયેલ નથી કે તેમનું નામ સાંભળેલ નથી. સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ફેકટરી આવેલી છે. પંચનામાં માં આજુબાજુની ફેકટરીમાં કામ કરતાં કોઈ સાહેદોની સહી કરવામાં આવેલ નથી. નમુના લેતી વખતે તેઓ બીજું કામ કરતાં હતા. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે કે, રાસાયણિક ખાતર પકડાયેલ જ નથી.

(૬)ફરિયાદપક્ષે **શાહેદ નં.પ વિશાલકુમાર રમેશભાઈ પટેલનાઓને** આંક–પ૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે,તેઓ સી–૧૨૦, મહાલક્ષ્મી સોસાયટી ,યોગીચોક સુરત ખાતે રહે છે, અને ખેતી અધિકારી ઓલપાડ, સુરત ખાતે છેલ્લા ૩–૪ વર્ષથી ફરજ બજાવે છે. તા. ૦૩/૦૧/૨૦૨૨ ના રોજ જેબી સીન્ટેક્ષ અને કયુબેટીકસ પ્રોસેર્સસ પ્રા.લી. નામની કંપની કે જે બી/૨૫ ગુજરાત ઈકો ટેકક્ષટાઈલ પાર્ક, પલસાણા, ને.હા. ૪૮ ની બાજુમાં આવેલ છે. ત્યાં તેઓ તથા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) એન.જે.ગામિત, નાયબ ખેતી અધિકારી, પલસાણા શ્રી સંજય સોલંકી, ખેતી અધિકારી કામરેજ રવિરાજ ટી. બલદાનીયા, ખેતી અધિકારી ઓલપાડ વી.આર કોરાટ સાથે મુલાકાત લેતાં ખેતી વપરાશની ઈફકો અલગ અલગ બેચની ૪પ કી.ગ્રા.ની સીલબંધ પ૪ બેગો યુરિયાની મળી આવેલ હતી.જેના ખેતી અધિકારી શ્રી એસ.કે. સોંલકી ધ્વારા બેચ વાઈઝ પ નમુના કંપનીના મેનેજર શૈલેષભાઈ વણકરની હાજરીમાં લેવામાં આવેલા. જે રાજય સરકારની ફર્ટીલાઈઝર કંપની બારડોલી ખાતે પરીક્ષણ માટે મોકલી આપવામાં આવેલ. બાકીનો જથ્થો સીઝ કરી શૈલેષભાઈને કસ્ટડી સોપવામાં આવેલ. તેઓ આંક–૧૯ વાળા રોજકામમાં તેમની

અધિકારી નં.-૪ તરીકે સહી ઓળખી બતાવે છે.ત્યારબાદ ખેતી અધિકારી એસ.કે.સોંલકી ધ્વારા પલસાણા પો.સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવેલી. તેઓ આરોપી શૈલેષભાઇ વણકરને ઓળખે છે.

સદર શાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ફેકટરી આવેલી છે. પંચનામાં માં આજુબાજુની ફેકટરીમાં કામ કરતાં કોઇ સાહેદોની સહી કરવામાં આવેલ નથી. નમુના લેતી વખતે તેઓ બીજું કામ કરતાં હતા. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે કે, રાસાયણિક ખાતર પકડાયેલ જ નથી.

વધુમાં શાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે,આરોપી નં.૨ જીગ્નેશભાઇ યુવરાજભાઇ પવારને સમ્રગ બનાવના કામે જોયેલ નથી કે તેમનું નામ સાંભળેલ નથી. સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ફેકટરી આવેલી છે. પંચનામાં માં આજુબાજુની ફેકટરીમાં કામ કરતાં કોઇ સાહેદોની સહી કરવામાં આવેલ નથી. નમુના લેતી વખતે તેઓ બીજું કામ કરતાં હતા. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, રાસાયણિક ખાતર પકડાયેલ જ નથી.

(૭)ફરિયાદપક્ષે **શાહેદ નં.૬ ત.ક.અ.-શીતલભાઇ નટવરભાઇ પ્રજાપતિનાઓને** આંક-૭૨ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તા. ૦૩-૦૧-૨૦૨૨ ના રોજ તેઓ પલસાણા પોલીસ સ્ટેશનમાં અ.હે.કો. તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન એક ફરીયાદી સંજયભાઇ કાંતીલાલ સોંલકી ખેતી અધિકારી પલસાણા નાઓએ તેઓને રાસાણિક ખાતર નિયંત્રણ ખંડ-૨૮ મુજબ મળેલ સતાની રૂએ તથા તેઓ તથા તેમની ટીમ ધ્વારા ખેત વપરાશ માટેનું નીમ કોટેડ રાસાણિક ખાતરનો વપરાશ ખેતી કામના બદલે ઔધોગિક વપરાશ થતો હોવા અંગેની ફરીયાદ પલસાણા કાલાધોડા ખાતે આવેલ, જેબી સીન્ટેક્ષ અને કયુબેટીકસ પ્રોસેર્સસ પ્રા.લી. નામની કંપની જે બી-૨૫,ગુજરાત ઇકો ટેકક્ષટાઇલ પાર્ક, પલસાણા, ને.હા. ૪૮ ની બાજુમાં આવેલ છે. તેના વિરુધ્ધ વિગતવાર ફરીયાદ હકીકત પી.એસ.ઓ એમ.એમ.ચૌધરી નાઓ રૂબરૂ જાહેર કરતાં પી.એસ.ઓ. એમ.એમ.ચૌધરી નાઓના લખાવ્યા મુજબના લખી લઇ પલસાણા પો. સ્ટે પાર્ટ-બી-ગુ.ર.નં.- ૧૧૨૧૪૦૪૬-૨૨-૦૦૦૫/૨૦૨૨, રાસાણિક ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ - ખંડ -૨૫-૧ તથા આશ્યક ચીજ વસ્તુ ધારા ૧૯૫૫ ની કલમ-૩ તથા ૭(૧)(એ)(૨) મુજબ નોધી તપાસ તેમને સુપરત કરવામાં આવેલ. તેમણે આગળની તપાસ સંભાળી લીધેલ.આંક-૧૮ વાળી ફરીયાદમાં પી.એસ.ઓ. માધા મચાની સહી ઓળખી બતાવે છે.સાહેદ પોતાની ફરજ પર હતા તે દરમ્યાન બાતમી રાહે તેઓ તથા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) એન.જે.ગામિત, નાયબ ખેતી

અધિકારી, પલસાણા શ્રી સંજય સોલંકી, ખેતી અધિકારી કામરેજ રવિરાજ ટી. બલદાનીયા, ખેતી અધિકારી ઓલપાડ વી.આર કોરાટ જે.બી. સીન્ટેક્ષ પ્રા.લી અને કયુબેટીકસ પ્રા.લી. નામથી કંપની , ગુજરાત ઈકો ટેક્ષટાઈલ પાર્ક, પલસાણા નામની ફેકટરીમાં તપાસ કરતાં સ્ટોરેજ ગોડાઉનમાં ઈફકો કંપની ધ્વારા ઉત્પાદિત નીમ કોટેડ યુરિયાની કુલ–૫૪ બેગો જે દરેક ૪૫ કિલોગ્રામ કિમત રૂા.–૧૪,૩૯૧/– સંગ્રહ કરેલ હાલતમાં મળી આવેલ. જેમાંથી નમુનાના સેમ્પલ લઈ રાસાણિક ખાતર ચકાસણી પ્રયોગશાળા, બારડોલી ખાતે મોકલી આપી બાકી જથ્થો કંપનીમાં સીલબંધ કરેલ હોવાની તેમજ રાસાણિક ખાતરનો વપરાશ ખેતી કામના બદલે ઔધોગિક વપરાશ થતો હોવા અંગેની ફરીયાદ જણાવેલી.તેઓ આરોપીઓને જોયેથી ઓળખી શકે છે.

સદર શાહેદ તેઓની ઉલટતપાસમાં એ  હકીકત કબૂલ રાખે છે કે, ગુનાવાળી જગ્યાનું પંચનામું ફરીયાદ આપ્યાના બીજા દિવસે કરવામાં આવેલ. મુદામાલના સેમ્પલ તેઓએ કોઈ લેબોરેટરીમાં મોકલેલ નથી. તેમને ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈ કહે છે કે, મોજે બલેશ્વર કાલાઘોડા ખાતે આવેલ જે.બી. સીન્ટેક્ષ પ્રા.લી અને કયુબેટીકસ પ્રા.લી.કંપનીના મેનેજરોને આરોપી તરીકે દર્શાવેલા છે.

સવાલ– જે.બી. સીન્ટેક્ષ પ્રા.લી અને કયુબેટીકસ પ્રોસેસર્સ પ્રા.લી. નામની કંપની જે જગ્યાએ રજીસ્ટર થયેલી છે તે રજીસ્ટર ઓફિસમાં જઈને તપાસ કરેલી?

જવાબ– નાજી તપાસ કરેલ નથી.

કંપની રજીસ્ટર થયેલી તે  રજીસ્ટર કચેરીના કોઈ અધિકારીના નિવેદન લેવામાં આવેલ નથી. સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,જે.બી. સીન્ટેક્ષ પ્રા.લી અને કયુબેટીકસ પ્રોસેસર્સ પ્રા.લી. નામની કંપનીને દસર ગુનામાં આરોપી તરીકે દર્શાવેલ નથી. ચાર્જશીટમાં આરોપી તરીકે શૈલેષભાઈ તથા જીગ્નેશભાઈને જ દર્શાવેલ છે.

વધુમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપીનં.૧ તથા ૨ વચ્ચે વેપારના કે મિત્રતાના કોઈ સંબધ નથી. તેઓ વચ્ચે કોઈ પણ જાતની ટેલીફોનીક વાત થયેલ નથી તથા એ મુજબના કોઈ સીડીઆર રજૂ કરેલ નથી. આરોપી નં.૨ ફરીયાદમાં જણાવેલ કંપનીમાં નોકરી કરતાં હોય તેવો કોઈ લેખિત પુરાવો આ કામે રજુ કરેલ નથી.

**<u>આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:</u>–**

(૮) ઉપરોક્ત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીઓ સામે ગુનાહિત આક્ષેપો અંગે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર આવેલ હોવાથી આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. ત્યારબાદ બંને

પક્ષે દલીલો સાંભળવામાં આવેલ.

**(૯)** આ કામે સદરહુ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૦૧. શું ફરિયાદીપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે,ફરીયાદમાં જણાવ્યા પ્રમાણેનું રાસાયણિક ખાતર કે જે ફકત ખેતીના ઉપયોગ માટેનું IFFCO કંપનીનું રાસાયણિક ખાતરનો જથ્થો આ કામના આરોપી નં.(૧)શૈલેષકુમાર કાનજીભાઇ વણકરનાઓએ પોતાની મિલમાં વપરાશ માટે જરૂરીયાત હોવાથી ઇરાદાપુર્વક આ કામના આરોપી નં.(૨)જીગ્નેશકુમાર યુવરાજભાઇ પવારનાઓને ઓર્ડર આપી મંગાવતા આરોપી નં.(૨) નાઓએ પોતાના આર્થિક ફાયદા માટે ખેતીકામના બદલે ઔધોગિક એકમમાં ગેરકાયદેસર વપરાશ માટે મોકલી રાસાણિક ખાતર નિયંત્રણ હુકમ–૧૯૮૫ નાં ખંડ–૨૫(૧) તથા આવશ્યક ચીજવસ્તુ ધારા–૧૯૫૫ ની કલમ–૩ તથા ૭(૧)(એ)(૨) મુજબનો ગુનો કરેલ છે ?

૦૨. શું હુકમ ?

**(૧૦)** ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧– નકારમાં

મુદ્દા નં.૨– આખરી હુકમ મુજબ

**<u>ન્યાય નિર્ણયઃ</u>–**

**(૧૧)** ફોજદારી ન્યાય શાસ્ત્રનો સિદ્ધાંત છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ વાજબી શંકાઓ વિના પુરવાર કરવાનો રહે છે તેમજ ફરિયાદપક્ષે પોતાનો કેસ પોતાના સ્વતંત્ર પુરાવાથી પુરવાર કરવાનો રહે ફરિયાદપક્ષ આરોપીના કેસની નબળાઈનો લાભ મેળવી શકે નહીં. હાલના કામે આરોપીઓ વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ પોતાના કબજા ભોગવટામાં ગેરકાયદે રીતે રાખવાનો આક્ષેપ છે.

**(૧૨)** હાલના કામે તપાસવામાં આવેલ ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો , બનાવ આરોપી નં.૨ વિરુધ કોઇ પોલીસ ફરીયાદ આપેલ નથી. આરોપી નં.૨ સ્થળ પર હાજર મળેલ નહી તેથી તેઓ તેને જોયેથી ઓળખી શકે નહી. આ કામે નોટીસ કંપનીના નામે આપેલ છે. તપાસણી કરતાં પહેલા તેમણે વડી કચેરીની મંજુરી લીધેલ નથી. સાહેદ એ જણાવેલ છે કે, જીગ્નેશભાઇ યુવરાજભાઇ પવાર જે.બી.સીન્ટેક્ષ પ્રા.લી. તથા કયુબેટીકસ પ્રોસેસર પ્રા.લી. નામની કંપનીમાં રોજબરોજનો વહીવટ કરતાં હોય તેવું સરતપાસમાં લખાવેલ નથી. આવો કોઇ વહીવટ તેમણે જીગ્નેશભાઇ યુવરાજભાઇ પવાર પાસેથી લીધેલ નથી. આવો કોઇ મુદામાલ જીગ્નેશભાઇ યુવરાજભાઇ પવાર પાસેથી રીકવર કરેલ નથી.

(૧૩) આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદ પણ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. તેઓ પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવે છે.જેથી આ કામના પંચ શાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થના આપતા ન હોય એપીપીશ્રી દ્વારા શાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની મૌખીક વિનંતી કરતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં કોઇ ફળદાયી હકીકત બહાર આવેલ નથી.

(૧૪) આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોની જુબાની જોવામાં આવે તો, બનાવવાળી જગ્યાની આજુબાજુ ફેકટરી આવેલી છે. પંચનામાંમાં આજુબાજુની ફેકટરીમાં કામ કરતાં કોઇ સાહેદોની સહી કરવામાં  આવેલ નથી. જે એક શંકાસ્પદ બાબત છે.આરોપી નં.૨ જીગ્નેશભાઇ યુવરાજભાઇ પવારને સમ્રગ બનાવના કામે જોયેલ નથી કે તેમનું નામ સાંભળેલ નથી.

(૧૫) હાલના કામે ગુનાવાળી જગ્યા આજુબાજુ ત્રાહિત લોકોની હાજરી હોવા છતાં તપાસ એજન્સી દ્વારા આવા કોઈ તપાસના કામે જોડવા પ્રયત્ન કરવામાં આવેલ હોઈ તેવી હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવતી નથી. આમ, જ્યારે ફરિયાદી પોલીસકર્મી હોઈ અને કેસનો પ્રકાર અને સંજોગો ધ્યાને લેતા આવા ત્રાહિત લોકોને તપાસના કામે નહીં જોડાવાની હકીકત ફરિયાદપક્ષના કેસ અંગે શંકા ઉત્પન્ન કરે છે.

(૧૬) આ કામે ત.ક.અમલદારની તેમની જુબાનીનું મુલ્યાંકન કરવામાં  આવે તો, ગુનાવાળી જગ્યાનું પંચનામું ફરીયાદ આપ્યાના બીજા દિવસે કરવામાં આવેલ. મુદામાલના સેમ્પલ તેઓએ કોઇ લેબૉરેટરીમાં મોકલેલ નથી. તેમને ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઇ કહે છે કે, મોજે બલેશ્વર કાલાઘોડા ખાતે આવેલ જે.બી. સીન્ટેક્ષ પ્રા.લી અને કયુબેટીકસ પ્રા.લી.કંપનીના મેનેજરોને આરોપી તરીકે દર્શાવેલા છે.તેઓએ જે.બી. સીન્ટેક્ષ પ્રા.લી અને કયુબેટીકસ પ્રોસેસર્સ પ્રા.લી. નામની કંપની જે જગ્યાએ રજીસ્ટર થયેલી છે તે રજીસ્ટર ઓફિસમાં જઇને તપાસ કરેલી નથી. તથા આરોપીનં.૧ તથા ૨ વચ્ચે વેપારના કે મિત્રતાના કોઇ સંબધ નથી. તેઓ વચ્ચે કોઇ પણ જાતની ટેલીફોનીક વાત થયેલ નથી તથા એ મુજબના કોઇ સીડીઆર રજૂ કરેલ નથી. આરોપી નં.૨ ફરીયાદમાં જણાવેલ કંપનીમાં નોકરી કરતાં હોય તેવો કોઇ લેખિત પુરાવો આ કામે રજુ કરેલ નથી.

(૧૭)આ કામે તપાસવામાં આવેલ કોઇ પણ સાહેદોએ એવો કોઇ પુરાવો રેકર્ડ પર આપેલ નથી,જેનાથી સદરહુ આરોપીઓની આ ગુનામાં સંડોવણી પુરવાર થાય.વધુમાં, હાલના કામે પોલીસ દ્વારા બાતમી આધારે રેડ કરવામાં આવેલ હોવાં છતાં  વિભાગના કોઈ અધિકૃત ઇસમને કે અધિકારીને જાણ કરવામાં આવેલ હોય કે રેડમાં સામેલ રાખવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી. આમ, ઉપરોક્ત તમામ સંજોગોમાં કેસના સંજોગો અને કેસનો પ્રકાર

ધ્યાને લેતા ફક્ત પોલીસકર્મી જુબાનીને આધારે આરોપીઓને ગુના સાથે સાંકળવું હિતાવહ જણાતું નથી.

**(૧૮)** તેમજ હાલના કામે પંચનામાની હકીકતોને પુરવાર કરતો કોઈ પુરાવો રજૂ થયેલ ન હોય અને ફરિયાદી અને અન્ય શાહેદો પોલીસકર્મી હોય ત્યારે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પંચનામાની વિગતે પંચ શાહેદોની હાજરીમાં આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ હોવાની હકીકત શંકા ઉત્પન્ન કરે છે.તેમજ મુદ્દામાલ રાસાયણિક ખાતરનો જથ્થો આરોપીઓએ ખેતીકામના બદલે ઔધોગિક એકમમાં વપરાશ માટે મોકલતાં હોય તેમ પુરવાર કરવા સારૂ કોઈ સબળ પુરાવાઓ રજુ રાખવામાં આવેલ નથી.

**(૧૯)** આમ, આરોપીઓ વિરુદ્ધના કોઈ સબળ પુરાવાના અભાવે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, ઉપર્યુકત તમામ સંજોગોમાં ફક્ત પોલીસકર્મીની જુબાનીને આધારે આરોપીઓને ગુના સાથે સાંકળવું હિતાવહ જણાતું નથી. આમ, ફરિયાદપક્ષ તરફથી પોતાનો કેસ યોગ્ય પુરાવાથી પુરવાર કરેલ ન હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થતું હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>આખરી નિર્ણયઃ–</u>**

**(૧)** આ કામના આરોપીઓને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૪૮(૧) હેઠળ રાસાણિક ખાતર નિયંત્રણ હુકમ–૧૯૮૫ નાં ખંડ–૨૫(૧) તથા આવશ્યક ચીજવસ્તુ ધારા–૧૯૫૫ ની કલમ–૩ તથા ૭(૧)(એ)(૨) મુજબના હેઠળના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૩૭(ક)મુજબના ૫૦૦૦/– અપીલ સમય સુધીના જામીન રજૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબજે કરેલ મુદ્દામાલ નીમ કોટેડ યુરીયાના છાપવાળી બેગ રાસાયણિક ખાતરનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૦૭, માહેઃ માર્ચ, સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૭/૦૩/૨૦૨૬
મુ.પલસાણા.

**(વિમલ પ્રદીપભાઈ આચાર્ય)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, પલસાણા.
U.I.Code No.GJ01445